# ‘વાઢ’ વાવનારને ઝાઝેરી ખમ્માયું

ચૈત્ર-વૈશાખનો કાળો તાપ આપણા જીવની માથે ફળફળતો પાલવ પ્રસરાવતો હોય. ગળું સુકાઈ જાય અને કોરી જીભ તાળવે ચોંટતી હોય. બૅગમાં સંગાથે લાવેલ વૉટરબૉટલનું પાણીય નિસાસા નાખતું હોય. હોઠ પણ રણની રેત બની ઘડીએ ઘડીએ ભીનાશ માગતા હોય. બુશર્ટની અંદર પરસેવો નીતરતો જાય અને લૂ મોઢા પર વાગતી હોય. પહેરેલું જીન્સ તો સાત પેઢીના વેરી જેવું ભારેખમ લાગતું જાય. બેહવાની ઇચ્છા થાય પણ નખ્ખોદ જાય રોડવાળાનું, સરખા છાંયડાનું ઝાડવું નો દેખાય. એવા ટાણે તમને આઘે લાલડાનો સિસોડો દેખાય વાદળી કલરનો...

...નવી નવી જવાબદારી માથે ઓઢી હોય એવા કાચા કુંવારા માવતર જેવા દેખાતા જુવાન દેહ સિસોડા હારે લમણાઝીંક કરતાં હોય. એનું બોલતા ન શીખેલું છોકરું ધોંસરીની આડશે સાડીના ખોયામાં સૂતું હોય.

ધણિયાણીના એક હાથમાં સ્ટીલનું પવાલું હોય બીજો હાથ સિસોડામાં શેરડી પધરાવતો જાય. ધણી સિસોડાના સંગાથે મોટી ધોંસરી જેવા લાકડાને ધક્કો મારી ગોળ ગોળ ફરતો જાય. સિસોડામાં વચ્ચોવચ ગોઠવેલા લાકડાના બે ગોળિયા ફરતા જાય, વચાળે શેરડી ભીંસાતી જાય. ધણિયાણીની ઓઢણીનાં પાલવ માથે રસના છાંટા પડતા જાય. તમે ત્યાં પહોંચો અને પેલું ખોયામાં સૂતેલું છોકરું મીઠી કિલકારી કરે. ધણીધણિયાણી આંખથી આવકારો આપે. તમે માગો એ પહેલાં મોટો લોટો ભરી શેરડીનો રસ તમારા હાથમાં અંબાવે. પહેલો ઘૂંટડો ભરો અને તમને સમજાય કે સમુદ્રમંથનમાં છેલ્લે જે નીકળ્યું ઈ અમૃત નહીં શેરડીનો રસ હતો!

બસ આવી જ અનુભૂતિ નીલેશ ગોહિલલિખિત નિબંધસંગ્રહ ‘વાઢ’માંથી પસાર થતી વખતે તમને થશે. દિવસો સુધી આ સંગ્રહના નિબંધોમાં રહેલી મીઠાશ તમે મમળાવશો.

વાઢ એટલે આમ તો ખેતરમાં ઊગેલી શેરડીનો સમૂહ. જેણે જીવનમાં શેરડીનાં ખેતર નહીં જોયાં હોય એણે નિશાળમાં ભણતી વખતે માસ્તરના મોઢે કલાપીનું ‘ગ્રામ્ય માતા’ કાવ્ય સાંભળ્યું હશે. પાઠ્યપુસ્તકમાં એ કવિતા સંગાથે પ્રતાપસિંહ જાડેજા (પ્ર.) એ દોરેલા ચિત્રમાં શેરડીનો વાઢ ચોપડીમાં તો જોયો હશે અને શબ્દશ:અનુભવ્યો હશે.

નિબંધકાર નીલેશ ગોહિલના નિબંધના વિષયો અને ગદ્ય મારા ઉમળકાનું મુખ્ય કારણ છે. આ સંગ્રહ વાંચતો હતો ત્યારે એક એક નિબંધ સાથે મારી દશે આંગળિયુંના ટચાકા ફૂટતા હતા. આ મેં માત્ર વાંચ્યું નથી, શેરડીના રસની જેમ ઘટ ઘટ પીધું છે. વાચક તરીકે પેટમાં ટાઢો શેરડો પડ્યો છે મને કે, ખમ્મા મારી ભાષા અને ખમ્મા મારું નિબંધસાહિત્ય, રમતો ભમતો રાંદલમાએ ખૂંદનાર દીધો નવોનક્કોર.

નીલેશ ગોહિલ સાથેનો પ્રથમ પરિચય મધ છે. એમની પોતાની મધની ખેતી છે. આ નિબંધસંગ્રહમાંથી પસાર થતી વખતે મને એ નવાઈ પણ લાગી કે કેમ આ મનેખે મધનો નિબંધ નહીં લખ્યો હોય? પણ પછી થયું કે એમ કંઈ મધપૂડો તરત થોડો બંધાય છે! આવશે, હજી તો ઘણા વિષયોનો પમરાટ અનુભવનાં પુષ્પોમાંથી ચૂંટીને આપશે આ ગદ્યકાર.

સંબંધની દૃષ્ટિએ એક રીતે નીલેશ અમારો જમાઈ. એમના ઘરેથી શાનુ એ અમારી દીકરી. ભાવનગર મુકામેથી અમારા મહેન્દ્રસિંહ પરમારસાહેબે ગુજરાતી ડિપાર્ટમેન્ટનું એવું વાતાવરણ સર્જ્યું કે અમે બધાં એક જ ખોરડાનાં ભાંડરડાં ગણાઈએ. શાનુ સાહેબની વિદ્યાર્થિની, ડિપાર્ટમેન્ટની દીકરી તો એ નાતે નીલેશ અમારો જમાઈ. તો જમાઈ, આ ઉમળકો એ ‘કરિયાવરમાં કાગળ’

(પારુલ ખખ્ખરને પૂછ્યા વગર એનું શીર્ષક લીધાનો સાધિકાર હરખ) જાણજો.

'વાઢ'ના નિબંધોમાં બે વાત મારું સૌથી વધુ ધ્યાન ખેંચે છે, એક તો નીલેશનું ખેતર અને બીજા નીલેશના બાપુ. બાપુ હોં, પપ્પા નહીં. નિબંધકાર કહે છે એમ મોઢામાં મીઠા પાનનું બીડું મૂકી દીધું હોય અને આખું ગલોફું ભરાઈ જાય એવો શબ્દ બાપુ. બાપુ સાથેનો સંબંધ અને આખા નિબંધસંગ્રહમાં છૂટકછૂટક રીતે અને 'હૅપી ફાધર્સ ડે' નિબંધમાં જરા વિગતે બહુ રસ પડે એવું વ્યક્તિચિત્ર આપણને મળે છે.

બાપદીકરાના સંબંધમાં મને સૌથી વધુ રસ પડે એ બાબત છે 'નહીં થયેલો સંવાદ'. આ વાત અહીં સોળે કળાએ ખીલી છે. લેખકનું ખેતર પાઘડીની માથે મોરપીંછ થઈને આખા પુસ્તકમાં વાચકને હોંકારા આપે છે. વાચકની આંખોમાં સીમમાં પાકેલા મોલાતનો અસબાબ વિસ્તરશે, વાડની સૂડિયાની વેલ અને ખટમીઠા સેતૂર વાચકની જીભે કોળશે, બપોરના તાપમાં ધોરિયાનું પાણી વાચકોના પગને પંપાળશે અને વાચકની નજર સામે એ જ્યાં બેસીને વાંચતો હશે ત્યાં 'ખડ' ઊગી નીકળશે... ખડ હોં, ઘાસ નહીં. લેખક કહે છે એમ ઘાસ તો ભણેલાગણેલાનું, અમારે મન તો સાડી સત્તર વાર ખડ.

નીલેશનું ભાવવિશ્વ જડ અને ચેતનનો ભેદ નથી કરતું એટલે એ જે જિજ્ઞાસાથી દૂધરાજ અને સક્કરખોર પક્ષીના અસ્તિત્વની વાત માંડે એવા જ રસથી એ ખેતરમાં કૂવાની કાંખમાં બેસેલા મશીનની વાત કરે છે. દૂધરાજના અવાજમાં સંગીત શોધતા લેખકને મશીનના ભખ્ભખ્ભખ્ અવાજમાં પણ ગમતીલો લય દેખાય છે.

સંગ્રહના બીજા બધા નિબંધોથી નોખું ગોત્ર અને ભાવજગત લઈને બેસેલો નિબંધ 'શેષ-વેશ'. ભવાઈ અને આખ્યાન પરંપરાના ભવ્ય ભૂતકાળ તરફ લેખકે સ્મરણગલીની આંગળી ઝાલી છે.

મને મારા બાળપણના આખ્યાન સાથે જોડાયેલા રૂપાળા અનુભવો લખવા આ નિબંધે ધક્કો માર્યો છે. નવા સમયમાં મનોરંજનનાં અઢળક માધ્યમો વધ્યાં ત્યારે ભવાઈ પરંપરાનું વન્ડર જે રીતે ક્ષીણ થયું એની વાત લેખક સ્વસ્થ અવાજે મૂકી શક્યા છે.

'વાઢ' સંગ્રહના નિબંધોને પ્રતીકો અને ભાષાનું વજન નથી. અહીં ચાના સબડકા સાથે સ્માઇલ છે. સીમમાં થયેલી આજનાં સમયના ગ્રામબાળની પરવરિશ છે. અહીં ચકીબાઈ તગારાનો સ્વિમિંગ પૂલ કરી માથાબોળ નહાય છે.

ગુજરાતી ભાષાને નિબંધસાહિત્યમાં મળેલા આ બળૂકા અવાજના કપાળે કંકુચાંદલો કરું છું. સમકાલીન હોવાનું ગૌરવ લઈ, પાલવને દાંત તળે દબાવી, સરસતીમાતા આગળ ખોળો પાથરી પાયલાગણ કરું છું. હરખાતો ઢોલ વગાડીને શેરિયુંમાં લાંબા ઢાળે કહું છું કે, "મારી ભાષામાં નીલેશ ગોહિલ નામનો નિબંધકાર 'વાઢ' જેવો સશક્ત નિબંધસંગ્રહ લઈને આવ્યો છે.

એ સાગમટે સૌ રસના ઘૂંટડા ભરજો બાપ!"

**– રામ મોરી**